# Fun with Family

Day-39 | 07 May, 2020



## “FWF Song”



કોરોનાએ તો બહુ કરી,
બાળકોની રમત બંધ કરી,
નાના મોટાને ઘરમાં પૂરી,
સૌ થયા બહુ દુ:ખી દુ:ખી,
પણ ત્યાં તો આવ્યું FWF... ને થઇ ગયો ચમત્કાર...
Fun with family એ તો કરી કમાલ,
નાના-મોટા સૌ થયા ખુશ ખુશાલ...

## “Magical Feet”



બાળમિત્રો, આજે જાદુઇ પગ બનાવીશું...
લીંક દબાવો અને શીખો...
આબરા કા ડાબરા, ગીલી ગીલી છૂ...

https://bit.ly/2SIhxyX




## ‘‘શું સમજ્યા?’’

હવે, એક વિડિયો જોઈશું...
પણ બાળમિત્રો, આખો પરિવાર સાથે
બેસીને જોશો તો ખૂબ મજા આવશે...
લીંક દબાવો અને વિડીયો માણો...

https://bit.ly/2YEVe0T

## "Vitamin M"

આજે એક અગત્યની કળા શીખવાની છે... એ છે ''રૂપિયા ગણવાની કળા''... જલ્દી પપ્પાને પકડો અને તેમની પાસેથી રૂપિયાની ગણતરી કેવી રીતે થાય ? તે શીખો...





## "News Paper"

ક્યાં ગયા પરિવારના બધા સભ્યો...? જલ્દી બધાને ભેગા કરો અને લીંક દબાવી રમત શીખો...

https://bit.ly/2A5PQcZ

## "BAPS Style"

આજે BAPS Style થી હાથ ધોતા શીખીશું... પરિવારના દરેક સભ્યોને આ રીત શીખવાડો અને હાથ ધોવાની પ્રેક્ટીસ કરાવો... બાળમિત્રો, કોઈ સભ્ય રહી ન જાય હોં...!

https://bit.ly/2WarFCB



## ‘‘તેલ ચંપી’’

બાળમિત્રો, હવે ઘરના દરેક સભ્યોના માથામાં તેમની ઇચ્છા પ્રમાણે તેલ ચંપી કરી આપીશું... ધ્યાન રાખીને કરજો... તે સભ્ય ખૂબ રાજી થઇ જાય એ રીતે તેલ ચંપી કરજો...






## “Menu Card”

બાળમિત્રો, હવે મમ્મીની સાથે મીટીંગ કરો અને બપોરનું અને રાત્રીનું જમવાનું મેનુ નક્કી કરો... મેનુ નક્કી થયા બાદ તેના માટેનું સીધું-સામાન કાઢવામાં મમ્મીને મદદ કરો...
અને ‘Menu Card’ બનાવી ઘરના બધા સભ્યોને દેખાડો...

## ‘‘બીસ્કીટને નમન’’

ચાલો, હજુ એક રમત રમીએ અને આનંદ આનંદ કરીએ... લીંક દબાવો અને રમત શીખો...



https://bit.ly/2yzXtrx



## "QUIZ TIME"

https://bit.ly/2L7UDNi | Guj.

https://bit.ly/3cc5DVM | Hin.

https://bit.ly/35B38Kh | Eng.

## ''સ્વામિનારાયણ... સ્વામિનારાયણ....''

દરેક ક્રિયામાં 'સ્વામિનારાયણ' નામનું રટણ થાય તો સ્વામીશ્રી ખૂબ જ રાજી થશે... ચાલો, આજે બે ક્રિયા કરતાં કરતાં 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ભજન કરવાની ટેવ પાડીએ...







યાદ રાખજો..! ભૂલી ન જતાં..!




## “અજબ-ગજબ ક્રિયા”

બાળમિત્રો, હવે મજા આવશે...
ઘરના દરેક સભ્યો પાસે
અજબ-ગજબ ક્રિયા કરાવવાની છે...
લીંક દબાવો અને શીખીને દરેક સભ્ય પાસે
બોલાવડાવજો... મજા મજા આવી જશે...

https://bit.ly/3fAErCi

## “મગજમારી”

બધા જવાબ ‘સ’ પરથી લખો...

ઉદા.: એક વાર સોમવાર

૧. એક ભાષા ____________
૨. ભેગું કરવું ____________
૩. વિદ્યા દેવી ____________
૪. મ્યુઝીક ____________
૫. સાધુ માણસ ____________
૬. ગુજરાતી પેપર ____________
૭. મિલકત ____________
૮. કોન્ટેક્ટ કરવું ____________
૯. ખતમ, ફિનિશ ____________
૧૦. રિલેશન ____________



જવાબ : ૧. સંસ્કૃત, ૨. સંગ્રહ, ૩. સરસ્વતી,
૪. સંગીત, ૫. સંત, ૬. સંદેશ, ૭. સંપત્તિ, ૮. સંપર્ક,
૯. સમાપ્ત, ૧૦. સંબંધ.

# “My Guru, My Life”

બાળમિત્રો, અહીં સ્વામીશ્રીએ દોરેલું એક ચિત્ર મૂકવામાં આવ્યું છે... પણ તે અધુંરુ મૂકાયું છે... શું તમે તે ચિત્ર વિચારીને પૂરું કરી શકો ખરા...? વિચારો અને દોરીને દેખાડો...

સ્વામીશ્રીએ જે શબ્દ લખી આપ્યો છે તે બરાબર વાંચશો તો જરૂર આવડી જશે...





# પરોપકારી હંસ

## Story Time



એક રાજા જંગલમાં ફરતાં-ફરતાં થાક્યો. થાક દૂર કરવા એક ઘટાદાર ઝાડ નીચે આરામ કરવા લાગ્યો. આ ઝાડ પર એક કાગડો રહેતો હતો. તે સ્વભાવે દુષ્ટ હતો.

તે સમયે એક હંસ ઊડતો-ઊડતો ત્યાં આવ્યો. તેને જોઈને કાગડો બોલ્યો, 'અલ્યા ધોળિયા હંસ ! આ ઝાડ મારું ઘર છે. ચાલ્યો જા અહીંથી!' ભલો હંસ કંઈ બોલ્યો નહીં.





હંસે જોયું કે ઝાડ નીચે કોઈ મુસાફર સૂતો છે, અને તેના મુખ પર તડકો પડે છે. આથી તેણે પોતાની પાંખો પહોળી કરી છાંયો કર્યો. કાગડો નીચે જઈ રાજાના ચહેરા પર ચરક કરી આવ્યો.

**બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

પોતાના ચહેરા પર કંઈક પડવાથી રાજા જાગ્યો. તેણે જોયું કે તે પંખીની ચરક હતી. રાજા ગુસ્સે થયો. તેણે જોયું તો ઉપર હંસ બેઠેલો દેખાયો. રાજાને લાગ્યું કે ચોક્કસ આ હંસે જ આ ખરાબ કામ કર્યું છે.





તે હંસ પર ક્રોધે ભરાયો. તેણે હંસને મારવા તીર તાક્યું. હંસને મુશ્કેલીમાં મૂકીને કપટી કાગડો રાજી થઈ ગયો. પણ જેવું રાજાએ તીર છોડ્યું કે તરત જ હંસ ખસી ગયો. અને પાછળ બેઠેલા કાગડાના શરીરમાં તે તીર ઘૂસી ગયું.

કાગડો નીચે પડ્યો ને તરફડવા લાગ્યો. પણ દયાળુ અને પરોપકારી હંસે તેના શરીરમાંથી તીર ખેંચી કાઢ્યું. તેની સારવાર કરી સાજો કર્યો. કાગડાને ખૂબ પસ્તાવો થયો. કાગડાએ હંસની માફી માગી અને બંને મિત્રો બની ગયા.



બોધ : કોઈનું અહિત કરવાનો કદી વિચાર પણ કરવો નહીં.
હંસ જેવા દયાળુ અને પરોપકારી થવું.

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

# It's Average Knee Deep



Once upon a time, there lived a group of fools. They all lived together and completely trusted each other. Whatever one of them said, the others would believe.

One day they decided to go on a short pilgrimage. So they packed their clothes and food, bid farewell to everyone in the village and began their journey. As they were walking they came upon a river.



They stopped as they needed to cross the river to continue their journey, but none of them knew how to swim. They were worried that they would not reach their first destination together. So, they sat down and started thinking of different ways to cross the river.



One of them said, "Over here, near the river's edge, the water is very shallow. Then, as one walks into the river it becomes knee deep."

Another one of them said, "Yeah! And then halfway through, it will become very deep with the water flowing over our heads!"

**Friends, today you have to prepare this story and present it to the parents.**

Finally, another friend concluded, "That's right. And as you continue to walk, the water starts decreasing. It becomes knee deep and once again it's shallow again on the other side."





They were all excited upon hearing this and concluded, "This means, the average level of the water is only knee deep!"

They all collected their luggage, held each other's hands and happily walked into the river.

Unfortunately, none of the fools made it to the other side of the river and they all drowned.



### Conclusion

Just like one cannot use the average height of water in a river as a measure for crossing it, we should not apply the law of averages in satsang. It would be foolish to say "For four days, I will do satsang by listening to bhajans and do satsang reading. And on the other days, I will enjoy the world. On average, this should make me good overall."

**Remember, you have to perform this story in front of Mom and Dad.**






























**Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...**
**"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં**
**રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...**
**તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા**
**ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...**
**નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.**

https://bit.ly/2W7xtNo



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



ઉધરસ/છીંક આવે
તો રૂમાલ રાખીને ખાશો.



ઘરમાં એકબીજા સભ્યોથી
દૂર રહો.



દર ૨૦ મિનિટે સાબુથી
ઘસીને હાથ ધોઈ
નાંખશો.



ઘરની બહાર નીકળવું
નહિ.



આંખ, મોઢું, નાકને સ્પર્શ
કરવાનું ટાળો.

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી કે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org


BAPS
પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ